## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




**સાહેબ આપણા નસીબ જ ખરાબ છે... માંડ કરી ઓક્સિજનનું ઠેકાણે પાડ્યું ત્યાં કોલસો ખુટી ગયો...!**

## રાજ્યમાં કોરોનાના નવા કુલ ૨૨ કેસ

ગુજરાતમાં કોરોનાના આજે નવા ૨૨ કેસ નોંધાયા છે. રાજ્યમાં આજે ૨૧ દર્દીઓ સાજા થયા હતા. જેના પગલે રાજ્યમાં કોરોનાથી સાજા થવાનો દર ૯૮.૭૫ ટકાએ પહોંચ્યા છે. આ પ્રકારે અત્યાર સુધીમાં કુલ ૮,૧૫,૯૮૧ નાગિરકો કોરોનાને પરાજીત કરી ચુક્યા છે. બીજી તરફ ગુજરાત સરકાર વેક્સિનેશનના મુદ્દે પણ લડી રહી છે. આજના દિવસમાં કુલ ૨,૯૬,૨૭૩ નાગરિકોનું રસીકરણ આજના દિવસમાં કરવામાં આવ્યું છે. જો એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૨૧૩ એક્ટિવ કેસ છે.



## રાંધેજા ખાતે સ્પર્શ કાઉન્ટીમાં ૨૧૦૦ દિવડાંની મહાઆરતી યોજાઇ

આ વર્ષે ગાંધીનગરમાં શેરી-ગરબામાં ભારે ઉત્સાહ અને ભક્તિભાવનો માહોલ જોવા મળ્યો હતો. આ નવરાત્રીમાં ગાંધીનગરના રાંધેજા ખાતે હાલમાં જ બનેલી સ્પર્શ કાઉન્ટી બંગલોઝના રહીશોએ મહાઅષ્ટમી નિમિત્તે મા અંબાની આરાધના કરતા ૨૧૦૦થી વધારે દિવડાઓ પ્રગટાવી આશરે ૭૦૦ સ્કવેર ફીટમા ''મા''ની મહાઆરતી કરી હતી. શેરી ગરબાના આ નવા યુગમાં બધા રહીશોએ સહિયારા પ્રયાસથી તેઓની સોસાયટીની પ્રથમ વર્ષની નવરાત્રીને યાદગાર બનાવી હતી.

## ખૂણેખાંચરેથી

- વન વિભાગની ટીમે ક્રિકેટ મેચમાં પંચાયત વિભાગની ટીમને હાર આપી છે.
- રાજ્યના સામાન્યવહીવટ વિભાગે ''ગેસ'' સંવર્ગના ૬ જેટલા અધિકારીઓને વધારાના ચાર્જ સોંપતા હુકમો જારી કર્યા છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- ગાંધીનગર મનપાની સામાન્ય સભા ૨૧મીના રોજ સવારે ૧૧ વાગે યોજાશે. આ અંગેનો એજન્ડા આજે જારી થઈ ગયો છે.
- આજે સરકારી કચેરીઓમાં રજાનો માહોલ છવાયેલો રહ્યો હતો. ગઈકાલની રજા બાદ શનિવારની સી.એલ. મુકતા ત્રણ રજાનું વેકેશન માણવામાં બધાને વધુ રસ જણાયો.
- ગાંધીનગર શહેરમાં ઠંડીનું ધીમી ગતિએ આગમન થયુ છે, દિવાળી પછી ઠંડીનું જોર વધશે તેમ જાણકારોનું કહેવુ છે.
- કેન્દ્રના રાજ્યમંત્રી દેવુસિંહ ચૌહાણ આજે સાંતેજ તા. કલોલ, માણસા શહેર, મોટા ચિલોડા તેમજ દહેગામમાં જાહેરસભાઓ સંબોધશે.
- વોર્ડ નં. ૩ ના ચૂંટાયેલા કાઉન્સીલર અંકિત બારોટે સે. ૨૪માં નાદુરસ્ત હાલતમાં ફરતી એક ગાયને સારવાર માટે સાથીઓ સાથે મળી જનની ગૌ સેવા સંસ્થાન રૂપાલ ખાતે મોકલી આપતાં રહીશોએ તેમની આ સેવાને બિરદાવી છે.
- ઈ.ગ્રામના વીસીઈના પડતર પ્રશ્નો અંગે જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું છે.

# ગુજરાત દિપોત્સવી અંકમાં શહેરના ૩૮ સર્જકોની કૃતિઓને સ્થાન

ગાંધીનગર, તા. ૧૬

માહિતી ખાતા દ્વારા દર વર્ષે પ્રસિદ્ધ થતા ગુજરાત દિપોત્સવી અંકમાં આ વર્ષે ગાંધીનગરના ૩૮ સર્જકોને સ્થાન મળ્યુ છે. લબ્ધ પ્રતિષ્ઠિત પ્રકાશનમાં શહેરના સર્જકોની વિવિધ કૃતિઓ સ્થાન પામતા શહેરને ગૌરવ પ્રાપ્ત થયુ છે.

ગાંધીનગર શહેર સર્જકોની અને સાહિત્યકારોની ભૂમિ બની રહ્યું છે. ખૂબ જાણીતા સર્જકો અહીં નિવાસ કરે છે. જેના પરિણામે અહીં અવારનવાર સાહિત્યના વિવિધ કાર્યક્રમોનું આયોજન થાય છે. સાહિત્યકારોની ભૂમિ બની રહેલા ગાંધીનગર શહેરમાં સર્જકો-સાહિત્યકારોનો દબદબો છે. ગુજરાત સરકારના માહિતી ખાતા દ્વારા દર વર્ષે ગુજરાત દિપોત્સવી અંક પ્રસિદ્ધ કરવામાં આવે છે. ગુજરાતી સાહિત્યમાં ખૂબ જ લબ્ધ પ્રતિષ્ઠિત ગણાતા ગુજરાત દિપોત્સવી અંકમાં કૃતિઓને સ્થાન મળવુ સર્જકો માટે ગૌરવ સમાન ગણાય છે. આ વખતે પ્રસિદ્ધ થયેલા દિપોત્સવી અંકમાં ગાંધીનગરના ૩૮ સર્જકોને સ્થાન મળ્યુ છે. અભ્યાસલેખમાં ગાંધીનગરના સર્જકો દોલત ભટ્ટ, નટુભાઈ પરમાર, ડૉ. અશોક નારાયણ, વસંત ગઢવી, મનસુખ કાકડીયા, વાગ્મિન બૂચ અને પુલક ત્રિવેદીની કૃતિઓને સ્થાન મળ્યુ છે. જ્યારે નવલિકા વિભાગમાં મહમ્મદ માંકડ, ડૉ. કેશુભાઈ દેસાઈ, રાઘવજી માધડ, ભી.ન. વણકર, અલતાફ પટેલ, પ્રવિણ ગઢવી, રેખાબા સરવૈયા, સંજય થોરાત અને ડૉ. અનિલ ચૌહાણ, વિનોદિકા વિભાગમાં શહેરના જાણીતા સર્જકો હરિકૃષ્ણ પાઠક, પરાગ ત્રિવેદી, અધીર અમદાવાદી અને ભર્ગદેવ ભટ્ટની કૃતિઓને સ્થાન મળ્યુ છે. નાટીકા સંપુટ વિભાગમાં પ્રકાશ લાલાની કૃતિને સ્થાન મળ્યુ છે. જ્યારે કાવ્ય વિભાગમાં દલપત પઢિયાર, ભાગ્યેશ જહા, હર્ષદ ત્રિવેદી, કિશોર જિદાકરા, અનંત પટેલ, સ્નેહી પરમાર, રમેશ ઠક્કર, ડૉ. પ્રદીપ આઝાદ, પ્રજ્ઞા પટેલ, રમણ વાઘેલા, ડૉ. મુકેશ જોષી, શૈલેષ પંડ્યા, કનૈયાલાલ ભટ્ટ, પ્રતાપસિંહ ડાભી, જિગર જોષી, નટવર હેડાઉ અને રવજી ગાબાણીની કૃતિઓને સ્થાન મળ્યુ છે.

## સંસ્કૃતિ મહિલા પરિવાર દ્વારા ગરબા સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧૬

સંસ્કૃતિ મહિલા પરિવાર દ્વારા નવરાત્રિમાં ફરતા ગરબા સ્પર્ધા સ્વામિનારાયણ મંદિર સે-૨ ખાતે યોજાઈ હતી. જેમાં પ્રથમ ક્રમે ઉર્મિલાબેન, બીજા ક્રમે શ્વેતાબહેન મહેતા, ત્રીજા ક્રમે પ્રફૂલ્લાબેન, ચોથા ક્રમે જીજ્ઞાબેન શાહ, પાંચમા ક્રમે અલ્પાબેન ગોર, છઠ્ઠા ક્રમે દેવીયાની બેન શુકલ, સાતમા ક્રમે કિરણબેન ત્રિવેદી, આઠમા ક્રમે મીનાક્ષીબેન પારેખ, નવમા ક્રમે ધીમહી દવે વિજેતા થયા હતા. અલપાબેન ગોરે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. વર્ષાબેન પારેખ અને અદિતિબેન ત્રિવેદીએ જજીસની ભૂમિકા અદા કરી હતી.

# દુધના વાહનમાં દારૂની હેરાફેરી પોલીસે પકડી પાડી

ગાંધીનગર, તા.૧૬

અમુદ દુધના વાહનમાં દારૂની હેરાફેરીનો પોલીસે પર્દાફાશ કર્યો છે. એલસીબી-૨ પોલીસે સોનીપુર-કોલવડા માર્ગ પર થી અમુલ દુધ લખેલા ટાટા-૪૦૭ વાહનમાં થી વિવિધ બ્રાન્ડની નાની મોટી કુલ બોટલ નંગ-૭૬૬૮ કિં.રૂ.૯,૦૫,૪૪૮ તેમજ અર્ટીકા કાર, મોબાઈલ સાથે મળી કુલ કિં.રૂ.૧૫,૦૫,૯૪૮ થી વધુનો મુદ્દામાલ કબ્જે કરી એક શખ્સની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.




ગાંધીનગર એલસીબી-૨ પીઆઈ જે.એચ.સિંઘવના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એસ.પી.જાડેજા અને પી.ડી.વાઘેલા તેમજ સ્ટાફના જવાનો પેટ્રોલીંગમા હતા તે દરમિયાન પીઆઈ જે.એચ.સિંઘવને બાતમી મળી હતી.જેને અનુલક્ષી સોનીપુર-કોલવડા માર્ગ પરથી એક અમુલ દુધના વાહન ટાટા ૪૦૭ નં. જી.જે.૦૨.ઝેડ.ઝેડ.-૦૯૧૮ પકડી પાડ્યું હતું. દુધના વાહનને પોલીસે ચેક કરતા અંદર થી વિવિધ બ્રાન્ડની નાની મોટી બોટલ મળી કુલ ૭૬૬૮ મળી આવી હતી. જયારે દારૂના વાહનનું પાયલોટીંગ કરી રહેલી અર્ટીકા કાર નં. જી.જે.૦૧.એચ.વાય.-૬૨૪૧ પકડી પાડવામાં આવી હતી. જયારે પોલીસે ક્લ્પેશકુમાર ધીરૂભાઈ વાઘેલા (રહે.૧ હંસપ્રતાપ સોસાયટી, નવી સિવિલ હોસ્પિટલ પાછળ શાહીબાગ અમદાવાદ) તેમજ જયારે આ દારૂનો જથ્થો સોનું સિંધી અમદાવાદવાળાએ રાજસ્થાનની મંગાવ્યો હોવાનું પ્રકાશમાં આવ્યું છે. પોલીસે દારુ, ટાટા.૪૦૭, અર્ટીકા કાર, મોબાઈલ સહિત કુલ રૂ.૧૫ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.



## સે.૨૪ બિમાર ગાયની મદદે કોર્પોરેટર અંકિત બારોટ આવ્યા

ગાંધીનગર શહેરના સેકટર-૨૪ વિસ્તારમાં છેલ્લા બે દિવસથી આંખમાં ઈજા સાથે ફરતી રહેતી ગાયનો ફોટો સોશ્યલ મિડીયામાં વાયરલ થયો હતો. બિમાર અને ઈજાગ્રસ્ત ગાયની સારવાર માટે તંત્રને અનેકવાર જીવદયા પ્રેમીઓ અને વસાહતીઓ દ્વારા રજુઆત કરવા છતા કોઈ ઉકેલ આવ્યો ન હતો.ત્યારે આજે વોર્ડ નં.૩ ના ઉત્સાહી કોર્પોરેટર અંકિત બારોટ તેમજ સેકટર-૨૪ ના સ્થાનિક યુવાનો જગદીશ દેસાઈ, સમીર દેસાઈ, રાજુ જયસ્વાલ સહિતના યુવાનોએ ભારે જહેમત બાદ ગાયને પકડી રાખી સારવાર કરાવી હતી. જયારે ગાયને વધુ સારવાર માટે જનની ગૌ સેવા સંસ્થાન રૂપાલ ખાતે મોકલી આપી હતી.

## સે. ૨૭ માં બંગાળી મહિલાઓએ ઉત્સાહથી સિંદૂર ખેલા ઉજવ્યો

ગાંધીનગરમાં વિજયા દશમીના બીજા દિવસે બંગાળી તથા પુર્વાચલના વતનીઓ દ્વારા દુર્ગા ઉત્સવના સમાપનના ભાગરૂપે સેક્ટર-૨૭ માં 'સિંદૂર ખેલા' ઉત્સવ ઉજવ્યો હતો. સિંદૂર ખેલામાં શહેરમાં વસતાં બંગાળી તથા પૂર્વાચલ પરિવારોની સુહાગન મહિલાઓએ મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ભાગ લઈને એક બીજાને સિંદૂર લગાડ્યું હતુ. દૂર્ગા પૂજાના સમાપને મા દુર્ગાની વિદાય પહેલા આ મહિલાઓ સિંદૂર ખેલા ઉજવે છે. દુર્ગાપૂજા એ બંગાળીઓનો મુખ્ય ઉત્સવ છે. જે છઠ્ઠા નોંરતે શરૂ થાય છે અને આ ઉત્સવમાં દુર્ગામાતાની માટીની મૂર્તિ બનાવીને તેનુ સ્થાપન કરવામાં આવે છે. ચાર દિવસની પૂજા-અર્ચના બાદ દશેરાના દિવસે મૂર્તિ વિસર્જન કરાય છે.

# ઝુંડાલ કેનાલ પાસે છરી વડે હુમલામાં ગંભીર રીતે ઘાયલ યુવકનું સારવાર દરમિયાન મૃત્યુ

ગાંધીનગર, તા.૧૬

ઝુંડાલ નર્મદા કેનાલ પાસે એકટીવા પાર્ક કરીને અમદાવાદના યુવક-યુવતિ વાતચીત કરી રહ્યા હતા. તે સમયે બાઈક લઈને આવેલા અજાણ્યા શખ્સે તેમ અહીં કેમ બેઠા છો કહી બોલાચાલી કરી ઉશ્કેરાઈ જઈને યુવકને પેટના ભાગે તેમજ શરીરે એક પછી એક ઘા ઝીંકી દીધા હતા. યુવકને ગંભીર ઈજાઓ પહોંચતા ગાંધીનગર થી અમદાવાદ સિવિલ ખસેડાયા હતા. જયા યુવાનનું સારવાર દરમિયાન મૃત્યુ થતા અડાલજ પોલીસે હત્યાનો ગુનો ઉમેરી વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ જુના વાડજ સાબરનગર ખાતે રહેતી ૨૧ વર્ષિય છાયા અમરસિંહ પારઘી અમદાવાદ ઈન્કમટેક્ષ ખાતે બેંક ઓફિસરનું ઈન્ટરવ્યુ આપવા માટે ગઈ હતી. ઈન્ટરવ્યુ પુરુ થઈ ગયા બાદ સાબરનગરમાં જ રહેતો યુવક અજય પ્રવિણભાઈ સાગર એકટીવા લઈને તેને લેવા માટે ગયો હતો.

ત્યારપછી બંને જણા એકટીવા પર ઝુંડાલ કેનાલ પર આવ્યા હતા. બ્રિજની જમણી બાજુ અંદર તરફ કેનાલ પાસે માર્ગ પર એકટીવા પાર્ક કરીને અજય તેના પર બેઠો હતો અને છાયા પાસે ઉભી રહીને વાતચીત કરી રહ્યા હતા. ત્યારે અચાનક એક શખ્સ બાઈક લઈને પસાર થયો હતો. બાઈક આગળ પાર્ક કરીને તે બંન્ને પાસે પાછો આવ્યો હતો. શખ્સે આવીને કહ્યું કે તમે અહીં કેમ બેઠા છો, શું કરવા આવ્યા છો, જેથી યુવક-યુવતિએ તેમને પ્રોબ્લેમ હોય તો જતા રહીએ તેમ કહેતા જ શખ્સ અચાનક ઉશ્કેરાઈ ગયો હતો. ત્યારબાદ શખ્સે છરી કાઢીને યુવક પર તુટી પડ્યો હતો. એક પછી એક ઘા મારી યુવકને ગંભીર ઈજા પહોંચાડી હતી. જેમાં યુવકને છાતી-ગળાના અને પેટના ભાગે છરી વાગતા લોહી નીકળવા લાગતા ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ અને ત્યાંથી અમદાવાદ વધુ સારવાર માટે લઈ જવાયો હતો.જયાં યુવકનું સારવાર દરમિયાન મૃત્યુ થયું છે. આ બનાવમાં પોલીસે હત્યાનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## સ્વામીનારાયણ સ્કૂલ ખાતે રમતગમત સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧૬

સ્વામિનારાયણ સ્કૂલ સેકટર-૨૩ ખાતે રમતગમત સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં ખો-ખો સ્પર્ધામાં પ્રથમ ક્રમે દક્ષા કણઝરીયા (ધો-૧૨ ઈ), બીજા ક્રમે શિવાંગી દેવડા (૧૨-ઈ), કબડ્ડી સ્પર્ધામાં પ્રથમ ક્રમે ઊર્જા ચૌધરી, બીજા ક્રમે મિસ્બાબાનું પિંજારા (૧૧-એફ), ક્રિનલ પરમાર (૧૧-ડી), હિનલબા વાઘેલા (૧૧-ડી), વોલીબોલ સ્પર્ધામાં પ્રથમ ક્રમે મિત્તલ ચૌધરી (૧૧-ઈ) બીજા ક્રમે ક્રિમા ચૌધરી (૧૧-ઈ), કવિના પ્રજાપતિ (૧૨-બી) વિજેતા રહ્યા હતા. શાળા તરફથી વાલીગણ, વિદ્યાર્થીની દિકરીઓ અને તાલીમ આપનાર જોષી ઉર્વશીબેન અને પટેલ હાર્દિક એન.ને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## કડવા પાટીદાર સમાજ દ્વારા વિદ્યા પુરસ્કાર આપાશે

ગાંધીનગર, તા. ૧૬

કડવા પાટીદાર સમાજ, ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને દર વર્ષે વિદ્યા પુરસ્કાર આપી નવાજવામાં આવે છે. જેમાં વર્ષ ૨૦૧૯-૨૦ તથા ૨૦૨૦-૨૧ દરમ્યાન એસએસસી-૮૦ ટકા, એચએસસી-૭૫ ટકા, ડિપ્લોમાં અને ગ્રેજ્યુએટ ૬૦ ટકા, પોસ્ટ ગ્રેજ્યુએટ ૫૫ ટકાથી વધુ, ડોક્ટર, રમતગમત, વિશિષ્ટ પ્રતાભાશાળી અને જીપીએસસી પાસ ઉમેદવારોએ માર્કશીટની ઝેરોક્ષની પાછળ સભ્ય નંબર તથા સરનામુ અને મોબાઈલ નંબર લખી તા. ૧૯ નવેમ્બર સુધીમાં મોકલી આપવી અને સમયસર આવેલ માર્કશીટ શિક્ષણ સમિતિ ધ્યાનમાં લેશે જેની નોંધ લેવામાં આવશે અને અગાઉ માર્કશીટ આપેલ હોય તેઓએ પણ નવેસરથી માર્કશીટ આપવાની રહેશે.

# સેક્ટર-૭-એ વસાહત મંડળ દ્વારા દશેરા પર્વની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૬

સેકટર-૭-એ વસાહત મંડળના પ્રમુખ જશવંતભાઈ ગાંધીના નેતૃત્વ નીચે નવરાત્રી મહોત્સવ નિર્વિઘ્ને પૂર્ણ થયો હતો. જેમાં નારી શક્તિએ ભક્તિભાવથી માતાજીની આરાધના કરી હતી. ગરબે ઘૂમતી ૮૦ મહિલાઓને કચ્છી ઓઢણીની લ્હાણી આપવામાં આવી હતી. આઠમના દિવસે મહાઆરતી અને મહાપ્રસાદનું આયોજન કર્યુ હતુ. દશેરાના દિવસે વોર્ડ નં. ૧૦ના ચૂંટાયેલા ચાર નગર સેવકોનુ બહુમાન, ૭૫ વર્ષથી વધુ વયના ૧૫ વડીલોનું સન્માન, ૨૫ બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ અને આઝાદી કા અમૃત મહોત્સવ પ્રસંગોની ઝાંખી, યોગ, નિર્દેશન, ૩૧ ડોક્ટર્સ અને ૧૦ કોરોના વોરીયર્સનું અભિવાદન સંસ્થાના પૂર્વ પ્રમુખ શિવાભાઈ પટેલનું મરણોત્તર સન્માન અને ખજાનચી અમૃતલાલ પટેલનું સન્માન કર્યુ હતુ.




આ પ્રસંગે સમારંભના અધ્યક્ષ નારાયણભાઈ મોદી, મહેન્દ્રભાઈ પટેલ, જશવંત ગાંધીએ પ્રાસંગિક પ્રવચન કર્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા અશોકભાઈ પટેલ, ભદ્રેશભાઈ શાહ, વિનોદભાઈ રાવલ, મહિલા મંડળના પ્રમુખ જયશ્રીબેન રાવલ, ગણેશભાઈ પટેલ, હર્ષદભાઈ પટેલ, વંદનાબેન પટેલ, હીરેનભાઈ શાસ્ત્રી, વિપુલભાઈ પટેલ, કવિતાબેન બક્ષી, અમીબેન શાહ, ઈન્દુબેન ચોટલીયા, આરતીબેન ભટ્ટ, દક્ષાબેન વર્ષાત, ક્રિપલ પટેલ, સરોજબેન સોલંકી વગેરે સહયોગી રહ્યા હતા.

# સિવિલના પાર્કિંગમાં રહેલા હાઈમાસ્ક ટાવરની લાઈટ ડુલ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર સિવિલમાં પાર્કિંગ એરીયામાં લગાવેલા હાઈ માસ્ક ટાવરની લાઈટો છેલ્લા કેટલાક સમયથી બંધ હાલતમાં છે. કોરોના પાર્કિંગ થી લઈ ઓડીટોરીયમ સુધીનો વિસ્તારમાં સાંજ ઢળતા જ અંધકારમાં ફેરવાઈ જાય છે. સિવિલમાં અંધારામાં અસામાજીક પ્રવૃતિઓ પણ ફુલી ફાલી રહી છે. તો બીજીતરફ અંધારાને પગલે દર્દીના સગા અને સ્ટાફના વાહનો પણ સલામત રહ્યા નથી. ત્યારે હાઈ માસ્ક ટાવરની લાઈટો તાત્કાલીક ધોરણે શરુ કરવા લોકમાંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર શહેરના કેટલાક સર્કલો પર દુરદુર સુધી દેખાત તે માટે હાઈ માસ્ક ટાવર લગાવવામાં આવ્યા છે. હાઈ માસ્ક ટાવરને પગલે દુર સુધી લાઈટના અજવાળા પથરાય છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલના પાર્કિંગમાં પણ હાઈ માસ્ક ટાવર લગાવવામાં આવ્યો છે. જેની લાઈટના અજવાળાથી સિવિલ ઝગમગી ઉઠતુ હતું. પરંતુ કોણ જાણે કેમ છેલ્લા કેટલાક સમયથી આ હાઈ માસ્ક ટાવરની લાઈટો ડુલ છે. ત્યારે સાંજ ઢળતા જ સિવિલના પાર્કિંગ એરીયા અસામાજીક તત્વોનો અડ્ડો બની જાય છે. તો બીજી તરફ રાત્રીના અંધકાર હોવાથી તેમજ સિવિલના સીસીટીવી શોભાના ગાંઠીયા સમાન હોવાથી વાહન ચોર શખ્સો માટે સિવિલ હોટ ફેવરીટ બની ગયું છે. આંતરે દિવસે સિવિલમાંથી વાહન ચોરીના કિસ્સા સામે આવે છે. હાઈ માસ્ક ટાવરની લાઈટ કાર્યરત રહેતા સિવિલમાં ઝગમગાટ રહેતો હતો. લાંબા અંતર સુધી લાઈટના અજવાળા રહેતા હતા. જયારે છેલ્લા કેટલાક સમયથી લાઈટ બંધ રહેતા સિવિલમાં અંધકાર જોવા મળે છે. તંત્ર સમક્ષ અનેકવાર રજુઆત કરવા છતા હાઈ માસ્ક ટાવરની લાઈટો શરુ થઈ શકી નથી. ત્યારે સિવિલમાં ટાવરની લાઈટો ઝડપી શરુ થાય તેવી લોકમાંગ ઉઠવા પામી છે.



## જિલ્લાકક્ષાની ઊંચીકૂદ સ્પર્ધામાં લીંબોદરાની વિદ્યાર્થીની પ્રથમ ક્રમે

સાદરા વિદ્યાપીઠ ખાતે જિલ્લાકક્ષાની એથ્લેટીક્સ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં પી.પી.આર. શાહ હાઈસ્કૂલ લીંબોદરાની ખેલાડી શ્રધ્ધા રાણા ઊંચીકૂદ સ્પર્ધામાં સમગ્ર જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને શાળાનું ગૌરવ વધાર્યુ હતુ. સમગ્ર શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧